**ક્રમાંક-૧**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૨જી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે મળ્યું.**

(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨જી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમઃ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૧થી ૩૫૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી સ્વ. શ્રી રતિલાલ ગોરધનભાઇ સુરેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ચંદ્રકાંત મૂળજીભાઇ પરીખ, સ્વ. શ્રી કાંતિલાલ નાથાલાલ પટેલ, સ્વ. શ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણા, સ્વ. શ્રી પ્રહલાદભાઇ મોહનલાલ પટેલ અને સ્વ. તથા શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી જીતેન્દ્ર સુખડીયા, સભ્યશ્રી પુંજાભાઇ વંશ, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા, માનનીય કૃષિ મંત્રીશ્રી રણછોડભાઇ સી.ફળદુ, સભ્યશ્રી અભેસિંહ તડવી, સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણા, સભ્યશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા સભ્યશ્રી બ્રિજેશભાઇ મેરજાએ શ્રદ્ધાંજલિ અને શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી જાહેરાત કરી.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૨) ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫-૨૦૧૬ અને સન ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૩) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સન ૨૦૧૫-૨૦૧૬ થી સન ૨૦૧૭-૨૦૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૪) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૯–૨૦૨૦નું અંદાજપત્ર તથા સન ૨૦૧૮–૨૦૧૯નું સુધારેલ અંદાજપત્ર

**માનનીય રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૫) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૯–૨૦૨૦નું વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર)

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૬–૨૦૧૭ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૭) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

૪. **અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા**

સચિવશ્રીએ ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૩૭ અને ૪૦ તથા ત્રીજા સત્રમાં પસાર કરેલા અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧, ૩, ૫ અને ૬ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૫. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૬. **માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૭. **અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

૮. **વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા ત્યારે વિરામનો સમય થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ, વિરામનો સમય રદ કરી અંદાજપત્રનું પ્રવચન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરી અંદાજપત્ર પ્રવચન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવ્યો.

૯. **અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સન ૨૦૧૯–૨૦ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૧૯–૨૦ના નાણાકીય વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર ગૃહના મેજ પર મૂકયું.

**સભાગૃહ, બુધવાર, તા.૩જી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩.૨૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨જી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.